# રાજ્યમાં કોરોના બેરોકટોક, નવા ૭૪૧૦ કેસ

**રાજ્યમાં ૨૪ કલાકમાં ૭૩ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૩૨૩૩૭૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૨૫૨૬ કેસ**

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. ગુજરાતમાં હવે કોરોનાના દૈનિક કેસની સંખ્યાનો આંકડો ૭૦૦૦ને પાર થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૭૪૧૦ નવા કેસ નોંધાયા છે. જેની સામે ફક્ત ૨૬૪૨ દર્દીઓ જ સાજા થયા છે. કોવિડ-૧૯ના કેસ વધે છે અને સાજા થતાં દર્દીઓની સંખ્યા ઓછી હોવાના કારણે રાજ્યની હોસ્પિટલો પર ભારણ વધી ગયું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

ગુજરાતમાં અમદાવાદ અને સુરત શહેરમાં ૨૪-૨૪ લોકોના મોત થયા છે. જ્યારે રાજકોટ શહેરમાં ૭ અને વડોદરા શહેરમાં ૭ લોકોના મોત થયા છે. રાજકોટ જિલ્લા તથા સાબરકાંઠામાં બે-બે લોકોના જીવ ગયા છે. અમદાવાદ જિલ્લા, અમરેલી, ડાંગ, ગાંધીનગર, જુનાગઢ શહેર, જુનાગઢ જિલ્લા, સુરત જિલ્લા તથા વડોદરા જિલ્લામાં એક-એક વ્યક્તિનું કોરોનાથી મોત થયું છે. આ સાથે રાજ્યમાં કુલ મૃત્યુઆંક વધીને ૪૯૯૫ પર પહોંચી ગયો છે. રાજ્યમાં અત્યાર સુધી ૩,૨૩,૩૭૧ લોકોએ કોરોનાને હરાવ્યો છે.

રાજ્યમાં સાજા થવાનો દર ૮૭.૯૬ ટકા છે. જોકે, રાજ્યના એક્ટિવ કેસથી ચિંતાઓ વધી રહી છે રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૩૯,૨૫૦ પર પહોંચી ગયા છે. જેમાં ૨૫૪ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૩૮,૯૯૬ દર્દીઓની હાલત સ્થિર છે.

રાજ્યમાં અમદાવાદ અને સુરત સૌથી ખરાબ રીતે અસરગ્રસ્ત શહેરો છે. જેમાં અમદાવાદમાં ૨૪૯૧ કેસ નોંધાયા છે જેની સામે ફક્ત ૪૧૫ લોકો જ સાજા થયા છે. સુરત શહેરમાં ૧૪૨૪ કેસ નોંધાયા છે અને ૬૨૩ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજકોટ શહેરમાં ૫૫૧, વડોદરા શહેરમાં ૩૧૭ તથા સુરત જિલ્લામાં ૨૩૧ કેસ નોંધાયા છે.

## શનિ-રવિ સ્વયંભૂ બંધ ! હિંમતનગર શહેરોના વેપારીઓએ લીધો નિર્ણય

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૪

રાજ્યમાં કોરોના સંક્રમણ દિવસેને દિવસે વધી રહ્યું છે. ત્યારે કોરોના સંક્રમણની ચેન તોડવા માટે અનેક શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વેપારી સહિત અનેક સંગઠનો જાતે જ આગળ આવ્યા છે અને સ્વયંભૂ બંધની જાહેરાત કરી છે. ત્યારે હિંમતનગર શહેરોમાં શનિ-રવિ સ્વયંભૂ બંધની જાહેરાતો કરવામાં આવી રહી છે.

હિંમતનગર શહેરમાં ધંધા રોજગાર શનિવાર અને રવિવાર સ્વયંભુ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે હિંમતનગર શહેરના વેપારીઓની આજરોજ હિંમતનગર શહેરના ડોક્ટર નલિકા ગાંધી ટાઉનહોલ ખાતે બેઠક મળી હતી આ બેઠકમાં હિંમતનગર નગરપાલિકા , જિલ્લા વહીવટીતંત્ર , જિલ્લા પોલીસ વિભાગ તથા હિંમતનગર શહેરના વિવિધ વેપારી એસોસિએશન પ્રમુખો, મંત્રી સભ્યોઓ પણ બેઠકમાં હાજર રહ્યા હતા આ બેઠકમાં હિંમતનગર શહેરમાં આગામી ૩૦ એપ્રિલ સુધી શનિ અને રવિ એમ ૨ દિવસ સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો શનિ અને રવિવાર ના રોજ હિંમતનગર શહેરના તમામ વેપારીઓ સ્વયંભૂ બંધ પાળશે તેમજ શનિ - રવિ સિવાય ના અન્ય દિવસોમાં શહેરના બજારો સાંજે ૫ વાગ્યા સુધી જ ખુલ્લા રાખવામાં આવશે ૩૦ તારીખ સુધી ૫ વાગ્યા સુધી જ બજારો ચાલુ રહેશે. ઉલ્લેખનીય છે કે, હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં થોડા કેટલાક દિવસથી સતત કોરોના પોઝિટિવ કેસ માં વધારો નોંધાઈ રહ્યો છે જેને લઈ હાલ હિંમતનગર શહેરમાં નાગરિકો સહિત તંત્ર ચિંતિત બન્યું છે.




શહેરમાં રોજબરોજ કોરોનાના કેસ વધી રહ્યા છે. ત્યારે કોરોનાના વધતા કેસ વચ્ચે દવા અને ઈન્જેકશનની ઉપલબ્ધિના અભાવે દર્દીઓમાં ભય વધ્યો છે. જેના લીધે નગરના મેડિકલ સ્ટોર્સ પર પણ ભીડ જોવા મળી રહી છે. દર્દીઓની સતત વધતી સંખ્યાના લીધે અન્ય દવા લેવા માટે પણ મેડિકલ સ્ટોર્સ પર રોજબરોજ ભીડ જામે છે. જેના લીધે પણ સંક્રમણ વધવાની સંભાવના છે. આવા સંજોગોમાં આમ નાગરિકોને જરૂરી દવા અને ઈન્જેકશન પુરા પાડવા માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે અનિવાર્ય છે.

## કોરોના કોર્નર

- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ કોરોનાથી સંક્રમિત થતાં હોમ આઈસોલેટ થયા.
- સમાજવાદી પાર્ટીના સુપ્રિમો અખિલેશ યાદવને પણ કોરોના પોઝીટીવ.
- રાજકોટમાં ઈન્જેક્શનના કાળાબજારમાં ભાજપનો કાર્યકરો પકડાયો.
- અમદાવાદ એરપોર્ટ ઉપરથી રેમડેસિવિરના ૩૫ ઈન્જેક્શન સાથે પોલીસે એક સખ્શની ધરપકડ કરી.
- સુરતમાં ૧૪ દિવસની માસુમ બાળકીનું કોરોનાથી મોત.
- અમદાવાદ ભાજપ કાર્યાલયમાં પ્રકાશ કાપડીયાનું કોરોનાથી નિધન.
- સીબીએસસી ધોરણ-૧૦ ની પરીક્ષા રદ કરાઈ.
- અમદાવાદ જમાલપુરમાં કોરોનાનો બ્લાસ્ટ, કોર્પોરેટર શહઝાદખાન સહિત સેંકડો કોરોનાથી સંક્રમિત.
- ભાજપ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રશાંત કોરાટ કોરોનાથી સંક્રમિત.
- પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા પણ કોરોનામાં સપડાયા.
- રાજકોટમાં ૩ દિવસનું બાળક કોરોનાથી સંક્રમિત, ગુજરાતમાં છેલ્લા એક મહિનામાં ૧૦૦૦ થી વધુ બાળકો કોરોનામાં સપડાયા.
- અમદાવાદની વી.એસ. હોસ્પિટલ, સારદાબાઈ હોસ્પિટલ અને એલ.જી. હોસ્પિટલ સંપુર્ણ કોવિડ હોસ્પિટલમાં ફેરવાઈ.
- રાજકોટના જેતપુર એસ.ટી.ડેપોમાં ૧૮ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત.
- દેશમાં અત્યાર સુધી ૧૧ કરોડ નાગરીકોએ વેક્સિન લીધી છે, છેલ્લા ૨૪ કલાકમાં ૨૬ લાખ લોકોએ વેક્સિન લીધી.
- આરટીપીસીઆર નેગેટીવ રીપોર્ટ બાદ જ સુપ્રિમ કોર્ટમાં પ્રવેશ મળશે.
- મધ્યપ્રદેશમાં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા સ્થગિત કરાઈ.
- દેશમાં ૪૫ ટકાથી વધુ યુવાનો કોરોનાથી સંક્રમિત થઈ રહ્યાં છે.
- ગુજરાતમાં આજથી આરંભાતી ધો. ૧૦ ની પ્રેક્ટિકલ પરીક્ષા મોકુફ.
- અમદાવાદની ખાનગી હોસ્પિટલોમાં તાકીદે ઓક્સિજનનો જથ્થો વધારવા મેડીકલ એસોસીએશનની માંગણી... નહિ તો મૃત્યુદર વધવાની દહેશત.
- રાજ્યમાં તાકીદે કોરોનાની ચેઈન તોડવા ૧૫ દિવસનું લોકડાઉન લાદવા સુરત અને અમદાવાદના મેડિકલ એસોસિએશનની માંગણી.

## ગેસ સિલિન્ડર બ્લાસ્ટમાં બે માળનું મકાન ધરાશાયી થયું

**બે લોકોની હાલત ગંભીર જ્યારે એક વ્યક્તિની હાલત સ્થિર જણાતા તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી**

અમદાવાદ,તા.૧૪

અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલા નેમિનાથ સોસાયટીમાં બે માળનું મકાન એકાએક ધડાકા સાથે ધરાશાયી થયું છે. આ મકાનમાં એલપીજી ગેસનો સિલિન્ડરમાં વિસ્ફોટ થતા આ દુર્ઘટના ઘટી છે. મકાન તૂટી પડતા અંદર રહેલા પરિવારના છ સભ્યો કાટમાળમાં ફસાઈ ગયા હતા. જેમાંથી બે લોકોના મોત નીપજ્યા છે. જ્યારે ચાર લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જેમાંથી બે લોકોની હાલત ગંભીર છે. જ્યારે એક વ્યક્તિની હાલ સ્થિર જણાતા તેમને હૉસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. રાણીપ વિસ્તારમાં આવેલા નેમિનાથ સોસાયટીના એક મકાનમાં છ સભ્યો રહેતા હતા. જ્યાં અચાનક એલપીજી સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. જેના કારણે આ સભ્યો કાટમાળમાં ફસાયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ મકાનના કાટમાળમાં ફસાયેલાઓને બચાવવા માટેની રાહત કામગીરીમાં કુલ ચાર વ્યક્તિઓને જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા. બચી ગયેલા વ્યક્તિઓને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આ બચનાર વ્યક્તિઓમાંથી બેની હાલત ગંભીર છે. ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી પ્રમાણે, આ ઘરમાં એલપીજી સિલેન્ડર લીકેજ થતો હતો જેના કારણે એકાએક બ્લાસ્ટ થયો છે. હાલ ફાયર બ્રિગેડે બચાવ કામગીરી પૂર્ણ કરી દીધી છે. આ અંગે રાણીપ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ વધુ તપાસ કરશે કે, નેમિનાથ સોસાયટીમાં બે માળનુ મકાન અચાનક કઈ રીતે ધરાશાયી થયું.

## વીએસ, એલજી, શારદાબેનને કોવિડ હૉસ્પિટલ જાહેર કરાઈ

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી શહેરની ત્રણ હોસ્પિટલને કોવિડ હોસ્પિટલ જાહેર કરવામાં આવી છે**

અમદાવાદ,તા.૧૪

અમદાવાદ શહેરમાં કોરોનાના રાફડો ફાટી નીકળ્યો છે. સરકારી કોવિડ હૉસ્પિટલ સહિત અનેક ખાનગી હૉસ્પિટલને કોરોનાની સારવારની છૂટ આપવામાં આવી હોવા છતાં દર્દીઓને હૉસ્પિટલમાં બેડ નથી મળી રહી. જેને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી શહેરની ત્રણ હૉસ્પિટલને કોવિડ હૉસ્પિટલ જાહેર કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વી. એસ. હૉસ્પિટલ, શારદા હૉસ્પિટલ અને એલજી હૉસ્પિટલને કોવિડ હૉસ્પિટલ જાહેર કરવામાં આવી છે. અહીં ગાયનેક ઈમરજન્સી સિવાય તમામ કામગીરી બંધ કરવામાં આવી છે. હવે અહીં ફક્ત કોવિડ સંક્રમિત દર્દીઓની સારવાર કરવામાં આવશે. આ માટે ઓર્ડર બહાર પાડવામાં આવ્યો છે કે, શહેરમાં એસ.વી.પી સહિત મોટાભાગની ખાનગી હૉસ્પિટલોને કોવિડ ડેઝીગનેટેડ કોવિડ હૉસ્પિટલ જાહેર કરવામાં આવી છે. આમ છતાં, કોવિડ-૧૯ના દર્દીઓ વધી રહ્યા છે. આથી વધારે સવલત ઊભી કરવા માટે ત્રણ હૉસ્પિટલને કોવિડ-૧૯ હૉસ્પિટલ તરીકે જાહેર કરવામાં આવે છે. અહીં ઈમરજન્સી (ગાયનેક ઈનરજન્સી) સિવાય તમામ કામગીરી બંધ કરવામાં આવશે. કૉંગ્રેસ નેતા અર્જુનભાઈ મોઢવાડિયા કોરોના સંક્રમિત થયા છે. તેમણે ટ્વીટ કરીને તેમના સંપર્કમાં આવેલા લોકોને હોમ આઈસોલેશનમાં રહેવાની સલાહ આપી છે. હાલ તેઓ ડૉક્ટરની સલાહ પ્રમાણે હોમ આઈસોલેટ થયા છે. તેમનો આરટી-પીસીઆર રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત દાણીલીમડાના કૉંગ્રેસના કાઉન્સિલર શહેજાદ ખાન પઠાણ પણ કોરોના પોઝિટિવ થયા છે. અમદાવાદ શહેરમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા અને વધારેમાં વધારે આરટી-પીસીઆર ટેસ્ટ થયા તે માટે અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. જેવી રીતે વિદેશમાં ડ્રાઈવ થ્રુ ટેસ્ટ થાય છે તેવી જ રીતે અમદાવાદ ખાતે આ સુવિધા શરૂ કરવામાં આવી છે. એટલે કે વ્યક્તિએ પોતાની ગાડીમાંથી બહાર નીકળવાની જરૂરી નથી રહેતી. આ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સુપ્રાટેક લેબોરેટરી તરફથી આ પહેલી શરૂ કરવામાં આવી છે.

## "નકલી કોરોના રિપોર્ટ" બનાવતી લેબોરેટરી સામે પોલીસ ફરિયાદ

ખોટા કોરોના રિપોર્ટ આપવા બદલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઘોડાસર માં આવેલી ગાયત્રી પેથોલોજી લેબ સીલ કરવામાં આવી છે. આ લેબોરેટરીના સંચાલક નિલેશ વાઘેલા કોરોનાના આરટી-પીસીઆરનો ખોટા રિપોર્ટ સ્ટર્લીંગ એક્યુરસીના નામે આપે છે. આ અંગે ફરિયાદ મળતાં સાઉથ જોન હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા લેબ સાથે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ગાયત્રી લેબોરેટરી દ્વારા આપવામાં આવેલા રિપોર્ટ તેમના લેબના નથી. જેથી ગાયત્રી લેબમાં ચેકીંગ કરવામાં આવ્યુ હતું. જેમાં ગાયત્રી લેબ પાસે લાયસન્સ મળી આવ્યું ન હતું.

વિનોદ મહેશ્વરી નામના વ્યક્તિએ આ લેબ વિરુદ્ધ ફરિયાદ કરી હતી. વિનોદ મહેશ્વરીના પત્ની કિરણ મહેશ્વરીનો ખોટો રિપોર્ટ આપવામાં આવ્યો હતો. જેના આધારે વિનોદ મહેશ્વરીએ કોર્પોરેશનમાં આ લેબ વિરુદ્ધ ફરિયાદ કરી હતી. જેથી તેના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાઉથ ઝોન હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા લેબોરેટરીમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન ધ્યાનમાં આવ્યું કે આ લેબોરેટરી પાસે જરૂરી લાયસન્સ પણ નથી.

## દુઃખદ અવસાન

બાયડના ભરત પંડ્યા, અનિલ પંડ્યા અને વિપુલ પંડ્યાના



ભાઈ મુકેશકુમાર બળવંતરાય પંડ્યાનું નિધન થયેલ છે. સદ્‌ગતનું ટેલિફોનિક બેસણું આજે તા.૧૫ એપ્રિલ, ગુરૂવાર સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ રાખેલ છે.

## અમદાવાદમાં ડ્રાઈવ થ્રુ કોરોના ટેસ્ટ શરૂ

અમદાવાદ,તા.૧૪

મ્યુનિસિપલ કોર્પોરેશન અને ન્યૂબર્ગ સુપ્રાટેક લેબોરેટરીઝના સંયુક્ત ઉપક્રમે દેશમાં પહેલીવાર અમદાવાદ શહેરમાં આજે બુધવારથી જીએમડીસી મેદાન ખાતે ડ્રાઈવ થ્રુ ઈ-ઝઈ ટેસ્ટ કરવાની શરૂઆત કરવામાં આવી છે. લોકો જે રીતે ટેસ્ટ માટે ખાનગી લેબોરેટરીમાં લાઈનો લાગે છે એને ઓછી કરવા માટે શરૂ કરવામાં આવેલા આ કલેક્શન સેન્ટરમાં સવારથી જ લોકો ટેસ્ટ કરાવવા માટે પહોંચી ગયા હતા.

ટેસ્ટ કરાવવા આવનારા લોકોએ સૌથી પહેલા લેબ દ્વારા આપવામાં આવેલા મોબાઈલમાં ઊઈ કોડ સ્કેન કર્યો હતો. મોબાઈલમાં સ્કેન કર્યા બાદ તેમની તમામ માહિતી સાથે રજિસ્ટ્રેશન કર્યા બાદ કાર અંદર કલેક્શન સેન્ટર પર આવી હતી. કારમાંથી નીચે ઊતર્યા વગર જ શંકાસ્પદ વ્યક્તિનાં સેમ્પલ ઈ કિટ પહેરેલી વ્યક્તિએ લીધાં હતાં. સવાર ૮ વાગ્યાથી ૫૦ જેટલી ગાડીમાં લોકો ટેસ્ટ કરાવવા પહોંચી ગયા હતા. માત્ર ૫ મિનિટમાં જ સેમ્પલ આપી લોકો પરત ફરતા હતા. ન્યૂબર્ગ સુપ્રાટેક લેબોરેટરી દ્વારા ૧૦ જેટલાં કલેક્શન સેન્ટર ઊભાં કરવામાં આવ્યાં છે. ઉપરાંત વોકિંગ ટેસ્ટ સેન્ટર પણ ઊભાં કરવામાં આવ્યાં છે, જ્યાં લોકો જાતે આવી લાઈનમાં આવીને ટેસ્ટ કરાવતા હતા.

અમદાવાદ ડ્રાઈવ થ્રુ ટેસ્ટિંગની શરૂઆત થવા પર ડો. રાજીવ કુમાર ગુપ્તાએ ટ્વીટ કરી જણાવ્યું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સુપ્રાટેક લેબ્સના સહયોગથી દેશમાં પહેલીવાર અમદાવાદમાં ડ્રાઈવ થ્રુ ટેસ્ટિંગને ખુબજ સારો પ્રતિસાદ મળ્યો છે. ઃસ્ઢઝ ગ્રાઉન્ડમાં આજે બે કલાકમાં ૬૦૦થી વધુ લોકોએ કારમાં બેસીને જ ઈ-ઝઈ ટેસ્ટ કરાવ્યાં છે. જેને પગલે ટેસ્ટ માટે લાંબી લાઈનો થતી રોકવામાં તેમજ ઝડપી પરિણામ મેળવવા નાગરિકોને પ્રોત્સાહિત કરી શકાશે.

## બાયડમાં ૪૦૦૦ પરિવારોને આર્સેનિક આલ્બમ હોમિયોપેથીક દવાનું મફત વિતરણ

**ભાજપના પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ અને તેમના ડોક્ટર પુત્રનું સરાહનીય કાર્ય, કર્મભૂમિ માટે પરિવાર પડખે**

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૪

બાયડમાં કોરોનાનો કહેર વધ્યો છે છેલ્લા ૧ મહિનામાં કોરોના ૫ લોકોને ભરખી ગયો છે. કોરોના ડૉક્ટર પુત્ર બંકીમ પટેલ દ્વારા બાયડમાં ૪૦૦૦ પરિવારોને આર્સેનિક આલ્બમ હોમિયોપેથીક દવાનું મફત વિતરણ બાયડ પાલિકા સરેરાશ ૨૦ થી ૨૫ ટકા લોકો કોરોના સંક્રમિત હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. ત્યારે ભાજપના પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ ચંદ્રીકાબેન પટેલે વિતરણ શરૂ થયું છે. હોમિયોપેથીક વૈદ્ય પણ જાણે છે કે આર્સેનિક આલ્બમ દવા કેટલી મોંઘી છે છતાં કર્મભૂમિ માટે ફરી એકવાર પટેલ





સામે બાથ ભીડવા બાયડ પાલિકા દ્વારા આંશિક લોકડાઉનને વેપારીઓનું સમર્થન મળ્યું છે. કોરોના સામે ઈમ્યુનિટી સીસ્ટમ વધારવા માટે હોમિયોપેથીકની આર્સેનિક આલ્બમ-૩૦ રામબાણ સાબિત થઈ છે. ભાજપના પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ, જિલ્લા પંચાયત પૂર્વ ઉપપ્રમુખ અને બાયડ હાઈસ્કુલના નિવૃત્ત શિક્ષક ચંદ્રીકાબેન અંબાલાલ પટેલ(પટેલનામુવાડા) અને તેમના મારફતે શરૂ કરવામાં આવ્યું છે. ૪ દિવસ માટે ૪ ગોળી સવાર અને સાંજે લેવી, ભૂખ્યા પેટે, પાણી વગર મોંઢામાં ચૂસીને ગોળીનું સેવન કરવા પ્રજાને જણાવાયું છે.

અનેક લોકોએ બાયડને કર્મભૂમિ બનાવીને તેનું ઋણ ચૂકવવાના અનેક દાખલા મોજુદ છે. બાયડ પાલિકામાં કોરોનાનો વિસ્ફોટ થયા પછી અનેક પરિવારો બરબાદ થયા છે. દરરોજ થઈ રહેલા રેપિડ ટેસ્ટ દરમ્યાન બાયડમાં વકરતા કોરોના સામે પ્રજા સાવધાની રાખે, સોશ્યલ ડિસ્ટન્સ જાળવે, માસ્ક પહેરે અને જરૂર વગર બહાર ન નિકળે તેવો અનુરોધ કરી વડોદરા રહેતા પુત્રએ ખાસ બાયડના પ્રજાજનો માટે કોરોના સામે રક્ષણ આપે તેવી ઈમ્યુનીટી સીસ્ટમ વધારનાર હોમિયોપેથીક આર્સેનિક આલ્બમ-૩૦ દવાઓ ખાસ કુરીયર મારફતે બાયડ પહોંચાડી હતી. બુધવારથી સોસાયટી તેમજ અન્ય વિસ્તારોમાં તેનું મફત પરિવાર બાયડના નગરજનોની પડખે આવીને ઉભો છે.

બાયડમાં જેટલી પણ આર્સેનિક આલ્બમ હોમિયોપેથીક દવાની જરૂર હશે તેટલી વિના મૂલ્યે આપવાની પટેલ પરિવારે જાહેરાત કરી છે. બાયડ પાલિકાએ પણ ભાજપના પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ અને તેમના પરિવારની કોરોનાના કપરા કાળમાં બાયડના નગરજનો પ્રત્યે સંવેદના દાખવી તે બદલ આભાર માન્યો છે.

## વિકરાળ પંજો... ● છેલ્લા પાનાનું ચાલુ

જરૂરી સૂચનો કર્યા હતા પરંતુ કેસો રોજેરોજ વધી રહ્યા છે તેથી તંત્ર પણ હવે લાચાર બની ગયુ હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે.

માણસા અર્બનમાંથી આજે ૭ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત બાપુપુરા ગામેથી ૨ કેસ, સમૌ માંથી બે કેસ તેમજ પારસા ઈટાદરા અને પુંધરા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

જિલ્લાતંત્રના જણાવ્યા પ્રમાણે આજે વધુ ૬૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં ૪૭૮૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૮૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૪૩૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોના સંક્રમણ વધી જવા પામ્યુ છે. તંત્રએ પરિસ્થિતિ પર કાબુ મેળવવા માટે ટેસ્ટીંગમાં વધારો કર્યો છે. આજે રજાના દિવસે પણ ૧૫૦૦ જેટલા લોકોને ટેસ્ટીંગ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

શહેરમાં આજે વધુ ૫૮ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાંથી માત્ર ૧ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે બાકીનાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રએ તેમને મંજૂરી આપી છે.

શહેરમાં જે ગતિએ સંક્રમણ વધી રહ્યુ છે તેનાથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. શહેર ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ કેસો જે રીતે સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી દીધી છે.

શહેરમાં આજે સંક્રમિતોની યાદીમાં ૨૫ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, બોરીજ અને ધોળાકુવા ગામમાંથી પણ આજે કેસો મળી આવ્યા હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં અધિકારી, સિવિલનો લેબ ટેકનીશ્યન, કોમ્પ્યુટર હાર્ડવેરનો વેપારી, ફાર્મસી કંપનીનો કર્મયોગી, સેક્શન અધિકારી, એકાઉન્ટન્ટ, એક ખાનગી હોટલનો વેઈટર, પાન પાર્લર ચલાવતો યુવાન, એડવોકેટે, સુપરવાઈઝર, મેનેજર, શિક્ષક, હેડ ક્લાર્ક તરીકે અમદાવાદ કોર્પોરેશનમાં ફરજ બજાવતા કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં હાઉસફુલના પાટિયા ઝુલી રહ્યા છે. જો કે તંત્રએ આજે શહેરની બે ખાનગી હોસ્પિટલોને કોવિડ હેલ્થ સેન્ટર તરીકે ડેઝીગ્નેટ કરી છે જે પૈકીની એક હોસ્પિટલ ભરાઈ જવા પામી છે તો બીજી હોસ્પિટલમાં માત્ર જૂજ બેડ ખાલી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં અગાઉ પહેલી લ્હેર વખતે જે વિસ્તારો હોટ સ્પોટ બન્યા હતા તે વિસ્તારોમાંથી જે રીતે કેસો બહાર આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે ૧૭ જેટલા મોટીવયના દર્દીઓ સંક્રમિત થયા છે. તંત્રએ મોટી વાયના લોકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે.

શહેરમાં આજે સે. ૨ માંથી ૧૫ કેસ, સે. ૩ માંથી ૭ કેસ, સે. ૨૭ માંથી ૫ કેસ, સે. ૨૨, ૧૪ અને સે. ૭ માંથી ૪-૪ કેસ, સે. ૪, સે. ૨૩, સે. ૫ અને બોરીજ ગામમાંથી ૩-૩ કેસ, ધોળાકુવામાંથી બે કેસ ઉપરાંત ઈન્દ્રોડામાંથી, સે. ૧ માંથી, સે. ૮ માંથી, જીઈબીમાંથી, સે. ૩૦ માંથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૬૦૦ ની નજીક પહોંચી છે. આ વખતે મહિલા દર્દીઓની સંખ્યા વધી હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૬૫૦ પર પહોંચવા આવી છે. શહેરમાં આજે વધુ ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં સંક્રમણ વધતાં ઘણા બધા સેક્ટરોના વેપારી સંગઠનોએ પણ ધંધા-રોજગાર બપોર સુધી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.